## મોડાસાની ખાનગી હોસ્ટેલ પર હુમલો કરનાર

# હોસ્ટેલ પરના હુમલાખોરોની ધરપકડ માંગ સાથે મહારેલી




મોડાસા, તા. ૫

૨૫ જાન્યુઆરીની રાત્રીએ અરવલ્લી જીલ્લા પોલીસવડા કચેરીની સામે ૫૦૦ મીટર દૂર મોડાસાની તત્ત્વમ આર્કેડમાં આવેલ ખાનગી હોસ્ટેલના રેક્ટર પર હિરેન ચૌધરી અને તેના મળતિયાઓએ મારઝૂડ કરી હિરેન ચૌધરી નામના શખ્સે વોશબેસીનની પાઈપ તોડી નાખી પાઈપ છેડે લાગેલ લોખંડના બોલ્ટ રેક્ટરના માથામાં અને શરીરના ભાગે ઝીંકી જીવલેણ હુમલો કરતા ચકચાર મચી હતી. આ અંગે મોડાસા ટાઉન પોલીસે બીજે દિવસે ફરિયાદ નોંધી હતી. આ ગુન્હાના આરોપીઓની ધરપકડ કરવામાં આવેની માંગ સાથે જીલ્લા કલેક્ટર અને એસપીને ત્રણ દિવસ અગાઉ આવેદનપત્ર આપવામાં આવ્યા હતા તેમ છતાં આ ઘટનાને ૧ ૨ દિવસ થવા છતાં આરોપીઓ પોલીસ પકડથી દૂર રહેતા કચ્છી પટેલ સમાજના લોકોએ ઉમિયા માતાજી મંદિરથી મહારેલી યોજી વધુ એકવાર જીલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી પોલીસતંત્રમાં રહેલા અમુક તત્વો દ્વારા આરોપીઓને આગોતરા જામીન લેવા પૂરતો સમય આપવામાં અને ધરપકડ ન થાય તેવું ઈચ્છી રહ્યો હોવાનું જણાવ્યું હતું.

મોડાસા શહેરના ઉમિયા માતાજી મંદિર પરિસરમાં જીલ્લાના કચ્છી પટેલ સમાજના અગ્રણીઓ, યુવાનો, મહિલાઓ અને યુવતીઓ મોટી સંખ્યામાં એકઠા થઈ કલેક્ટર કચેરી સુધી મૌન રેલી યોજી જીલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપ્યું હતું. ખાનગી હોસ્ટેલના રેક્ટર પર હુમલો કરનાર ૭ શખ્સોમાંથી એક આરોપી છોટા ઉદેપુરમાં તલાટી કમ મંત્રી તરીકે ફરજ બજાવે છે અને સીસીટીવી કેમેરામાં સ્પષ્ટ દેખાય છે. હું ધનસુરનો હિરેન ચૌધરી છું ધનસુરા-બાયડ અને ગાંધીનગર કોર્ટમાં અનેક કેસ ચાલતા હોવાનું જણાવી તમે મારુ શું તોડી લેવાના છો..? પોલીસ ડિપાર્ટમેન્ટ મારુ જ છે તમારાથી જે તોડી લેવાય એ તોડી લેજો કહી હોસ્ટેલ સંચાલકને સમાધાન કરી લેવા જણાવેલ આમ ખુલ્લેઆમ ધમકીઓ આપ્યા પછી પણ આજદિન સુધી પોલીસતંત્રએ કોઈપણ પ્રકારની કામગીરી કરવામાં આવી નથી તો આરોપીઓને ઝડપથી પકડી પાડવામાં આવેની માંગ કરી પોલીસતંત્રમાં રહેલા અમુક તત્વો દ્વારા આરોપીઓને આગોતરા જામીન લેવા પૂરતો સમય આપવામાં અને ધરપકડ ન થાય તેવું ઈચ્છી રહ્યો હોવાનું જણાવ્યું હતું.

### કચ્છી પટેલ સમાજના યુવાનોમાં મોડાસા ટાઉન પોલીસતંત્રની કામગીરી સામે આક્રોશ

ખાનગી હોસ્ટેલના સંચાલક અને યુવાનોએ આક્રોશપૂર્વક જણાવ્યું હતું કે મોડાસા ટાઉન પોલીસસ્ટેશનમાં ફરિયાદ કરવા ગયા ત્યારે ખાનગી હોસ્ટેલમાં રેક્ટર પર હુમલો કરનાર અને સીસીટીવી કેમેરામાં દેખાતો શખ્સ પોલીસસ્ટેશનમાં હાજર હોવા છતાં અને આ અંગે ફરજ પરના કોન્સ્ટેબલને જાણ કરવા છતાં આ શખ્સનો ફરિયાદમાં ઉલ્લેખ કરવાનું ટાળી ધરપકડ નહિ કરતા હુમલાખોર શખ્સને છાવરવામાં આવ્યો હતો અને આરોપીના બચાવમાં પોલીસતંત્રએ કામગીરી કરી હોવાનું જણાવ્યું હતું આરોપીઓની ધરપકડ નહિ થાય તો આગામી સમયમાં આરોપીઓને પકડવા ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલનની ફરજ પડશેની ચીમકી ઉચ્ચારી હતી.

# કપાસના ભાવમાં મણે ૧૫૦નો ઘટાડો થતા અરવલ્લી જિલ્લાના ખેડૂતો લાલઘૂમ

મોડાસા, તા. ૫

અરવલ્લી જિલ્લા સહિત ઉત્તર ગુજરાતમાં મોટા પ્રમાણમાં ખેડૂતોએ બીટી કપાસ તેમજ દેશી કપાસનું વાવેતર કર્યુ હતું. આ વર્ષે પણ કપાસના બમ્પર વાવેતર સામે ખેડૂતોને યોગ્ય ભાવ મળશે કે કેમ..? તેવી આશંકા સેવાતી હતી. ત્યારે મુખ્ય યાર્ડ અને તેના સબયાર્ડમાં ધીમેધીમે કપાસની



આવક શરૂ થતા શરૂઆતમાં કપાસનો ભાવ મણે રૂ.૧૦૦૦થી ૧૧૦૦ રૂપિયાના ભાવે બજારમાં વેચાયા પછી છેલ્લા ૪ દિવસથી કપાસના ભાવમાં કડાકો બોલાતા મણે રૂ.૧૨૫ થી ૧૫૦ સુધી ગગડી જતા ખેડૂતોની હાલત દયનિય બની છે. મોડાસા માર્કેટયાર્ડના વેપારીઓ ચીનમાં હાહાકાર મચાવનાર કોરોના વાઈરસના લીધે માંગમાં ઘટાડો થતા કપાસના ભાવમાં ઘટાડો થયો હોવાનો સુર વ્યક્ત કર્યો હતો.

કેન્દ્ર સરકાર ખેડૂતોની ખેતીની અવાક બમણી કરવાની જોરશોરથી જાહેરાત કરી રહી છે બીજીબાજુ ખેડૂતોને તેમના મહામુલા પાકના પોષણક્ષમ ભાવ ન મળતા દયનિય હાલત બની છે. મોંઘાદાટ બિયારણ, જંતુનાશક દવાઓ અને મજૂરીનો તોતિંગ ખર્ચ પણ પાણીમાં જતા ખેડૂતો દેવાના ડુંગર તળે દટાઈ રહ્યા છે. અરવલ્લી-સાબરકાંઠા જીલ્લામાં કપાસનો પાક તૈયાર થઈ જતાં બાયડ, ધનસુરા, મોડાસા, માલપુર, મેઘરજ, ભિલોડા, વિજયનગર, ખેડબ્રહ્મા, વડાલી, ઈડર, હિંમતનગર, તલોદ, પ્રાંતિજના મુખ્ય યાર્ડ અને તેના સબયાર્ડમાં ધીમે ધીમે કપાસની આવક શરૂ થઈ છે. પ્રારંભિક ચાર દિવસ સુધી ખેડૂતોને માર્કેટયાર્ડમાં કપાસના પ્રતિ મણ ભાવ રૂ.૧૦૦૦ થી ૧૧૦૦ રૂપિયા મળતા ખેડૂતોએ મહંદઅંશે હાશકારો અનુભવ્યો હતો પરંતુ ચાર દિવસ પછી કપાસના ભાવમાં પ્રતિ મણ રૂ.૧૦૦ થી ૧૫૦ નો કડાકો બોલાતા પ્રતિ મણ રૂ. ૯૦૦ થી ૯૫૦ સુધી જ કપાસનો ભાવ મળતા ખેડૂતોમાં આક્રોશ જોવા મળી રહ્યો છે.

### મોડાસામાં કપાસની ટેકાના ભાવે ખરીદી કેન્દ્ર શરૂ કરવામાં આવેની માંગ

અરવલ્લી જીલ્લામાં ટેકાના ભાવે કપાસ ખરીદી કેન્દ્રના અભાવે ખેડૂતોને નુકશાની વેઠી કપાસ વેચવા મજબુર બન્યા છે. કપાસના પોષણક્ષમ ભાવ ન મળતા ખેડૂતોએ મોડાસા સહીત તમામ તાલુકાકક્ષાએ અને સબયાર્ડમાં ટેકના ભાવે ખરીદ કેન્દ્ર શરૂ કરવામાં આવે અને પોષણક્ષમ ભાવ મળી રહે તેવી વ્યવસ્થા ઉભી કરવામાં આવેની માંગ પ્રબળ બની છે. કપાસના અપૂરતા ભાવના પગલે ખેડૂતોને પડતા પર પાટુ જેવો ઘાટ સર્જાયો હોવાનું જણાવ્યું હતું.

## ડીસા એરપોર્ટ સર્કલ નજીક બાઈક અને બસ વચ્ચે અકસ્માત

બનાસકાંઠા જિલ્લામાં માર્ગ અકસ્માતોના બનાવોમાં ચિંતાજનક હદે વધારો થઈ રહ્યો છે ત્યારે ગઈકાલે ડીસાના એરપોર્ટ સર્કલ નજીક આવેલ દિપક હોટલ આગળ બાઈક અને બસ વચ્ચે અકસ્માત સર્જાયો હતો જેમાં બાઈક ચાલક ગંભીર રીતે ઘાયલ થતા સારવાર માટે પાલનપુર ખસેડાયો હતો. ૪૫ વર્ષીય અમરતભાઈ કાનજીભાઈ નાઈ (રહે.થેરવાડા) પોતાનું બાઈક લઈ ટીસીડી મેદાન તરફથી દિપક હોટલ ચાર રસ્તા તરફ આવી રહ્યા હતા ત્યારે અમદાવાદથી ડીસા તરફ આવી રહેલ વોલ્વો બસ દિપક હોટલ ચાર રસ્તાથી બગીચા સર્કલ તરફ વળવા જતા આ બાઈક ચાલક વોલ્વો બસની નીચે આવી જતા અકસ્માત સર્જાયો હતો જેમાં બાઈક સવાર કાનજીભાઈને પગના ભાગે ગંભીર ઈજાઓ થવા પામી હતી અકસ્માતને લઈ ભારે ટ્રાફિક જામ થવા પામ્યો હતો. પોલીસ તેમજ ડીસા એસટી વિભાગને જાણ થતા તેઓપણ ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને ટ્રાફિક પૂર્વવત કરાવી ઈજાગ્રસ્ત બાઈક ચાલકને સારવાર અર્થે ડીસા સિવિલ અને બાદમાં વધુ સારવાર અર્થે પાલનપુર ખસેડવામાં આવ્યો હતો.

# ખેડબ્રહ્માના બગીચાની જાળવણીની ખર્ચ ન ચુકવાતા લાગ્યા ખંભાતી તાળાં

ખેડબ્રહ્મા નગરપાલિકા દ્વારા શહેરીજનોની સુવિધા માટે સને ૨૦૧૪ માં હરણાવ નદી કિનારે લાખો રૂપિયાના ખર્ચે છત્રપતિ શિવાજી ઉદ્યાન બનાવવામાં આવ્યો હતો જેને નગરપાલિકા



દ્વારા પગારદાર કર્મચારીઓ રાખી જાળવણી કરવામાં આવતી હતી. આ બગીચાને વેકેશનમાં મોટી સંખ્યામાં શહેરીજનો ઉપયોગ કરી રહ્યા છે પરંતુ બગીચામાં યોગ્ય જાળવણી ન થતી હોય સપ્ટેમ્બર ૨૦૧૯મા બગીચાના રખ રખાવ માટે ટેન્ડર બહાર પાડી ઈજારદારને આપવામાં આવ્યો હતો જેને ઈજારદારે તાળા મારી દીધા છે.

ખેડબ્રહ્મા નગરપાલિકા દ્વારા સપ્ટેમ્બર ૨૦૧૯ બગીચાની જાળવણી માટે ટેન્ડર બહાર પાડવામાં આવ્યું હતું જે ખેડબ્રહ્માની કિસાન હોટ્રીકલચર બિઝનેસનાં નામે માસિક ૭૫૦૦૦ના ભાવે મંજુર કરવામાં આવ્યું હતું ત્યારથી ઈજારદાર દ્વારા નગરપાલિકાના બગીચાનો રખ રખરખાવ કરવામાં આવતી હતી પરંતુ ટેન્ડર મંજૂર થયાના આજદિન સુધી ઈજારદારને નગરપાલિકા દ્વારા કોઈપણ પ્રકારનું મહેતાણું ચુકવવામાં આવતું ન હોઈ ઈજારદારે નગરપાલિકામા વારંવાર રજૂઆત કરી હતી પણ નગરપાલિકા દ્વારા યોગ્ય જવાબ ન મળતા થાકીને બે દિવસ પહેલા બગીચાના દરવાજા ઉપર તાળા મારી દીધા હતા.

આ અંગે ખેડબ્રહ્મા નગરપાલિકા ચીફ ઓફિસર વી.એસય ચારણના જણાવ્યા અનુસાર એક બે દિવસમાં તેમનું નીકળતુ બાકી પેમેન્ટ કરી દેવામાં આવશે. આ અંગે ઈજારદારે જણાવ્યું હતું કે બગીચો હાલ અમારી જવાબદારી હોય અંદર બાળકોના રમત ગમતના મોંઘા સાધનો અને ફૂલ ઝાડ હોય કોઈ નુકસાન ન કરે એટલે અમોએ તાળું માર્યુ છે અને નગરપાલિકા ચુકવણી નહી કરે તો પણ હવે તાળું ખોલી નગરપાલિકાને બગીચો સુપ્રત કરી દઈશું અમો અમારી જવાબદારીમાંથી મુક્ત થઈ જશું.



કુકરવાડા, તા. વિજાપુર ખાતે આજથી ભવ્ય શિવકથાનો પ્રારંભ થયો. પ્રથમ દિવસે પોથીયાત્રા રમેશભાઈ તુલસીદાસ પટેલ પરિવારના નિવાસ્થાનેથી નિકડી અને સમ્રગ્ર સોની બજારમા થઈ કથાસ્થળે આવી સાત દિવસીય કથાનુ ગાન અને રસપાન સુંદરધામના ભારતીબાપુ કરાવશે.

# અનુસુચિત જનજાતિના ખોટા પ્રમાણપત્રો રદ કરવાની માંગ

### એકલવ્ય યુવા સંગઠન દ્વારા ડીસા પ્રાંત અધિકારીને આવેદનપત્ર અપાયું

ડીસા. તા. ૫

નેશ વિસ્તાર સિવાય અન્ય સ્થળો પર રહેતાં અન્ય સમાજને જે તે સમયે ઈશ્યુ કરવામાં આવેલ અનુસુચિત જનજાતિના ખોટા પ્રમાણપત્ર રદ કરવા એકલવ્ય યુવા સંગઠન ડીસા કે નેશ વિસ્તારમાં વસવાટ કરતા ન હોય તેવા રબારી, ભરવાડ અને ચારણ સમાજના લોકોને પણ રાજય સરકારે ખોટા જાતિ પ્રમાણપત્ર આપ્યા છે તે રદ કરવા તેમજ પ્રમાણપત્ર લેનાર અને આપનાર સામે ફોજદારી



તેમજ સમસ્ત આદિવાસી સમાજ દ્વારા પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

ભારતના રાષ્ટ્રપતિ દ્વારા ૨૯ ઓકટોબર ૧૯૫૬થી ગીર, બરડો અને આલોચના જંગલ વિસ્તારના નેશમા વસવાટ કરતાં રબારી, ભરવાડ અને ચારણ જ્ઞાતિનો અનુસૂચિત જનજાતિમાં સમાવેશ કરવામાં આવ્યો હતો. એકલવ્ય યુવા સંગઠન અને સમસ્ત આદિવાસી સમાજ દ્વારા બુધવારે ડીસા પ્રાંત અધિકારીને આવેદનપત્ર સુપ્રત કરવામાં આવ્યું હતું. જેમાં જણાવ્યું હતું કાર્યવાહી કરવા માંગ કરી છે. આ ઉપરાંત રાજય સરકાર દ્વારા વર્ષ-૨૦૧૮માં અનુસુચિત જનજાતિના પ્રમાણપત્ર આપવા અને ખરાઈ કરવા કાયદો બનાવ્યો છે પરંતુ નિયમ બનાવેલ નથી તેમજ ગુજરાત સરકાર દ્વારા જાતિ પ્રમાણપત્ર આપવા માટે કરવામાં આવેલ ગેર બંધારણીય તમામ ઠરાવો, પરીપત્રો રદ કરવાની માંગણી કરવામાં આવી છે. જે મુદ્દે આગામી સમયમાં યોગ્ય તપાસ અને કાર્યવાહી નહિ કરવામાં આવે તો ગાંધીનગર ખાતે આંદોલન કરવામાં આવશે તેવી ચીમકી પણ ઉચ્ચારી હતી.

# સર પી.ટી.સાયન્સ કોલેજ મોડાસા દ્વારા વરથું ગામે એન.એસ.એસ.નું ઉદ્‌ઘાટન સમારંભ યોજાયો

### પ્લાસ્ટિક મુક્ત ભારતને અનુલક્ષી કાપડની થેલીનું વિતરણ

મોડાસા, તા. ૫

સર પી.ટી.સાયન્સ કોલેજ મોડાસા હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના સંયુક્ત ઉપક્રમે મોડાસા તાલુકાના





વરથુ મુકામે ગ્રામ પંચાયત અને ગ્રામજનોના સહયોગથી રાષ્ટ્રીય સેવા યોજનાની સ્વચ્છતા અને ગ્રામ જનજાગૃતિ શિબિરનું ઉદઘાટન યુનિવર્સિટીના એન.એસ.એસ.ના કો-ઓર્ડીનેટર જે.ડી. ડામોર સમારંભના અધ્યક્ષ તરીકે કેળવણી મંડળના પ્રમુખ નવીનચંદ્ર આર. મોદી, અતિથિ વિશેષ તરીકે કોલેજના પ્રભારી મંત્રી સુરેન્દ્રભાઈ જે. શાહ તથા મંડળના ઉપપ્રમુખ મહેન્દ્રભાઈ વી. શાહ, અરવલ્લી જિલ્લા પંચાયતના સામાજિક ન્યાય સમિતિના ચેરમેન રેવાભાઈ ભાંભીની ઉપસ્થિતિમાં યોજાયો હતો.

શરૂમાં સાયન્સ કોલેજના આચાર્ય ડો. કે.પી. પટેલે મહેમાનોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડો. શૈલેષભાઈ દવેએ સપ્તાહ દરમિયાન થનારી શિબિરની પ્રવૃત્તિઓનો ચિત્તાર આપ્યો હતો. સપ્તાહ દરમિયાન યોગ, શ્રમ કાર્ય, પશુ નિદાન કેમ્પ, સર્વરોગ નિદાન કેમ્પ, સાંસ્કૃતિક કાર્યક્રમો, મહિલા સશક્તિકરણ, સરકારશ્રીની વિવિધ યોજનાઓની ગ્રામજનોની માહિતી તથા કોલેજ દ્વારા તૈયાર કરવામાં આવેલ કાપડની થેલીનું વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું આભારદર્શન વરથુ પ્રાથમિક શાળાના આચાર્ય દ્વારા કરવામાં આવ્યું હતું.

# મોડાસા સરકારી ઈજનેરી કોલેજ ખાતે બે દિવસીય SUDO-2020 કાર્યક્રમ યોજાયો

મોડાસા, તા. ૫

મોડાસાની સરકારી ઈજનેરી કોલેજમાં ૩૨૦૦થી વધુ વિદ્યાર્થીઓ વિવિધ ઈજનેરી શાખામાં અભ્યાસ કરે છે. વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે કોલેજ દ્વારા સતત પ્રયત્નો કરવામાં આવે છે. વિદ્યાર્થીઓની ટેકનિકલ સ્કિલના પ્રોત્સાહન માટે કોમ્પુટર ઈજનેરી અને ઈન્ફોર્મેશન ટેકનૉલોજી વિભાગ દ્વારા જીંર્દ્ભ-૨૦૨૦ કાર્યક્રમનુ આયોજન ૩-૪ ફેબ્રુઆરી દરમિયાન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વિવિધ સ્પર્ધાઓ જેવી કે પ્રોજેકટ ડેમોસ્ટ્રેશન, એક્ષ્પર્ટ લેકચર, લેન ગેમિંગ, ગૂગલ નર્ડ્સ, ક્વિઝ મી, કોડ કનેક્ટ, લોગો મેકિંગ તથા શોર્ટ ફિલ્મ મેકિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. તદુપરાંત વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ પ્રકારના ફૂડ સ્ટોલ પણ



પ્રદર્શિત કરવામાં આવ્યા હતા. ૭૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો અને વિજેતા વિદ્યાર્થીઓને ટ્રોફી તેમજ રોકડ ઈનામ એનાયત કરવામાં આવ્યું હતું. કોલેજના પ્રિન્સિપલ ડૉ. બી.જે. શાહ તથા પ્રો. એમ. બી. ચૌધરીના માર્ગદર્શન હેઠળ કોમ્પુટર ઈજનેરી અને ઈન્ફોર્મેશન ટેકનૉલોજીના અધ્યાપકો અને વિદ્યાર્થીઓ દ્વારા સફળતાપૂર્વક સંચાલન કરવામાં આવ્યું હતું.